રજના લોકો અશિક્ષીત હોવાથી અજ્ઞાની, વહેમી, અવાચક, બીકણ, અને નીર્બળ હોવા છતા ભોળા, પ્રેમી, ભાવીક, સત્યપ્રાય વફાદાર અને નીરૂપદ્રવી છે જેથી કાળીપરજના લોકો, ઉજળીયાત લોકોના કાવાદાવાનો ભોગ થઇ પડતા તે શ્રીમત મહારાજા સાહેબના જોવામા આવતાજ શ્રીમતે દુરંદેશી વાપરી કાળીપરજના લોકોની સ્થિતિ સુધારવા ખાતર અને એ કોમમા શિક્ષણનો પ્રચાર ઝડપ અને સહેલાઇથી થાય એ સદ્દહેતુથી ૩૦ વર્ષ થયા મહુવા, વ્યારા અને સોનગઢ મુકામે કાળીપરજના છોકરા તેમજ છોકરીઓ માટે ઘાણુકા વસતી ગૃહો સાથેની નીશાળો ખોલી તેમજ સને ૧૮૦૬–૭ મા ફરજીઆત કેળવણી દાખલ થયા છતા આજ સુધી શ્રીમતના એ પ્રયત્નને કશુ ફળ આવ્યુ હોય એમ દેખાતું નથી કારણ શ્રીમત મહારાજા સાહેબના હેતુ મુજબ એ કોમને શિક્ષણ મળ્યા છતા અદ્યાપીસુધી એ કાળીપરજમાથી એ કોમનો ઉધાર કરનાર કોઇ વીર પુરૂષ પેદા થવા પામ્યો નથી એનુ કારણ એ હોવુ જોઇએ કે કાળીપરજને જે શિક્ષણ આપવામા આવે છે તે કાળીપરજના લોકોની મનોરચના ને માફક આવે તેમ નથી અથવા તો એ શિક્ષણ પદ્ધતિજ ખામી ભરેલી હોવી જોઇએ

પણ હાલમા કાળીપરજમા ઉત્પન્ન થયેલી આત્મશુદ્ધીની ચળવળમા એ કોગના [illegible] ઉ[illegible] કમ કરી રહ્યા છે તે જાણવામા આવત શ્રીમત મહારાજા પેતાનો [illegible] સફળ થયેલો જેઇ સતોષ થય વિના હેશે ના, પણ તે [illegible] શ્રીમતને [illegible] ઉત્પન્ન [illegible] [illegible]

રજની આર્થિક સ્થિતિ સુધારવા ખાતર શ્રીમંતે ખેતીવાડી બેંકો ખોલી એ લોકોને લાભકારક ગણાતા કાયદાઓ ઘડયા પણ અજ્ઞાનતાને લીધે કાળીપરજના લોકોએ સગવડતાનો પુરતો લાભ મેળવી શકાય નહી

ધંધો!

ગુજારવામાં આવતો જુલમ.

એ પ્રજાનો મોટો ભાગ ખેતીનો ધંધો કરે છે ગયા છપ્પનના દુષ્કાળ સુધી એ લોકો પોતાની માલિકીની જમીનો ધરાવી સ્વતંત્ર ખેડુતો તરીકે જેમ તેમ નભી રહ્યા હતા દુષ્કાળની માઠી અસર થતા એ કોમ આસ્તે આસ્તે ઘણીજ તંગીમા આવવા લાગી તેમા વળી બ્રીટીસ સરકારના આબકારી ખાતાની આવક વધારવાના ધોરણનુ અનુકરણ કરતા આ રાજ્યના આબકારી ખાતામા મદ્રાસ સીસ્ટમ જયારથી દાખલ કરવામા આવી ત્યારથી કાળીપરજના સંકટની પરંપરા વધતી ગઇ કારણ દારૂતાડીના દુકાનદારોના લોભને લીધે કાળીપરજમા દારૂતાડીનો ખપ કુદકે ને ભુસકે આગળ વધવા માંડયો માંડયો પરીણામ એ આવ્યુ કે દારૂ તાડીના હદપાર સેવનથી એ લોકો ખેતી તરફ દુર્લક્ષ કરવા લાગ્યા અને એ સબબથી કરજદાર થતા કાળીપરજના લોકો પૈકી ૭૫ ટકા ખેડુતોને પીઠાવાળા યા સાહુકારને પોતાની જમીનો કેવળ નજીવી કીમતે વેચવાની ફરજ પડી એટલે એ લોકો ખેડુત મટી ગણોતીયા કે મજુર બન્યા

એ બાબત એટલેથીજ અટકી નહી પણ એ કોમની દારૂ તાડીના વ્યસનની બે સુમાર આધીનતાને લીધે એ કોમ ઉપર ઉજળીયાત વર્ગના સાહુકારો અને મુખ્યત્વે પીઠાવાળાઓ તરફથી અન્યાયી વર્તન અને સ્વાર્થી વ્યવહાર ચલાવવામા આવ્યો તેને લીધે તો એ કોમ ઉપર અનેક જુલમો થવા પામ્યા છે જેની યોગ્ય દાદ ન મળવાથી નોરાધાર બની એ લોકો દીનપરદીન અવનતિના ઉડા ગારમા વધુને વધુ દબાતા ગયા અને એમને ગુલામો કરતા પણ જાનવરોના જેવી વધુ અધમસ્થિતિ પ્રાપ્ત થઇ એટલે એ લોકોના મોટા ભાગને ખાવાને માટે કોદરાના રોટલા અને ચોખાની કણકીનુ ભડકુ બીજો ખોરાક મળતો ન હોવાથી એ લોકોને ભુખમરો વેઠવો પડે છે યા તો જગલના બેરી કદ મૂળો અને આમલી યા જગલી વનસ્પતિના બાફેલા પાત્રા ખાઇને નિર્વાહ કરવો પડે છે, પુરતા વસ્ત્રો ન મળવાથી વરસાદ, ટાઢ અને તાપમા કેવળ અર્ધનગ્ન સ્થિતિમા રહેવુ પડે છે

મજુરોનો દર

એ કાળીપરજના મજુરોને ઉજળીયાત વર્ગ તરફથી એક રોજની મજુરી એક આનાથી તે બે આના સુધી આપવામા આવે છે જ્યારે કાળીપરજના લોકો આપસ આપસમા મજુરોને એક રોજના ત્રણ આનાથી ૭ આના સુધી મજુરી આપે છે અને એ સીવાય બપોરે એક વખત ખવાડે છે પબ્લીકવર્કસ ખાતા તરફથી એ પ્રદેશમા ૭ આનાથી દશઆના સુધી મજુરી કાળીપરજના મજુ-

રોને આપવામા આવે છે ખેતરો ખેડવા માટે બે બળદો એક હળ અને એક હાકનારને રોજના ચાર આના આપવામા આવે છે અને તેને એક સવારે કામે ગયો હોય તો બીજે સવારે રજા મળે છે, એવી રીતે ચાર આનામા રાત્રે પણ ખેડવે છે ખેતરો નીંદવાનુ કામ કેટલાક ભાગમા ઉધ્ધડ આપવામા આવે છે એટલે, કે ખેતરમા અચોકસ માપની લાકડીથી અમુક ભાગ ભરી તે બે આનામા નીંદ વાનો હોય છે એ ભરી આપેલા ભાગમા નીંદવાનું એટલુ બધુ હોય છે કે, એક માણસથી તે એક દિવસમા પુરૂ થાય નહિ ત્યારે તે માણસ પોતાના ઘરના તમામ માણસોને કામે લગાડે છે અથવા પોતાને ખરચે બહારના મજુરોને રોકી તે પુરૂ કરાવે છે કોઈ વખતે એક દિવસે તે પૂરૂ ન થાય તો બે દિવસ તેમા થાય છે રોપણી વખતે તરૂ ઉખેડવા તથા રોપવા માટે કયારીમા માણસને હારદોર બેસાડવામા આવે છે એમાથી કામ કરતા જો કોઈ માણસ પાછળ પડી જાય તો તેને ગાળો ભાડી લાકડી યા તો લાતોનો પ્રસાદ આપવામા આવે ત્યારે એ સવાલ થશે કે આવી વિટબનાવાળી મજુરીએ એ લોકો શા માટે જાય છે ! ઘેર કેમ રહેતા નથી, યા તો પોતાની ખેતીનુ કામ કેમ કરતા નથી ? તો તેનો ખુલાસો એ છે કે એ લોકો આવી હાડમારીમા રાજી ખુશીથી જતા નથી પણ જ્યારે કોઇ ઉજળીઆતને ત્યા ખેતીનુ કામ હોય છે, ત્યારે આગલી સાજે તે જાતે અગર પોતાના પઠાણ, ભૈયા અથવા તો પટેલ હોય તો ઢેડા (વરતણી) સાથે પૈસા આપી મોકલે છે એ લોકો કાળીપ-જને ઝુપડે જઇ જેટલા માણસો અથવા હળો જોઇતા હોય તેટલા

પૈસા ઉપર બતાવ્યા મુજબના હિસાબે નાખી આવે છે તે કેવળ હમેસ મજુરી કરતા હોય તેનેજ ઘેર નહિ પણ જમીનદાર કાળીપરજ ખેડુતને ત્યા પણ નાખી આવે છે એટલે એ મજુર હોય અથવા જમીનદાર ખેડુત હોય તો પણ અણીના વખતે પોતાની ખેતીનુ કામ પડતુ મુકી એ છી મજુરીએ બીકના માર્યા જવુ પડે છે બીજે દીવસે જે ધણીને ત્યાથી પૈસા નાખ્યા હોય તેને ત્યા એ લોકોને જવુજ જોઇએ નહિ જાય તો જબરજસ્તી કરી યા માર મારીને કામે લઇ જવામાં આવે છે નહી તો બમણા પૈસા આપવા પડે છે એ પ્રમાણે બમણા પૈસા આપવામા ન આવે તો તે પૈસા ચઢતા વ્યાજ સાથે બાપ પાસે નીકળતા પૈસા બાપના મરણ બદ સવડ પડતી મુદતે દીકરા પાસેથી વસુલ લેવામા આવે છે. ઘરમા થોડા માણસો હોય છતા વધુ ખર્ચે લઈ જવા પડે છે એક વ્યાઘન તાડીમા નવસારી યા ગણદેવી જેવા દુરનાં સ્થળે સાહુકારનો યા પીઠાવાળાનો માલ ગાડીમાં ભરી લઇ જવો પડે છે એ સીવાય રોકડ મજુરી આપવામા આવતી નથી તેમ વવારામા બે ત્રણ દીવસના રોજના બે વખત ચાલે એટલા ગાંઠના રોટલા સાથે લઇ જવા પડે છે કાળીપરજના ખેડુતો પોતાની ખેતી સારી રીતે કરી શકતા નથી અને તે માટે જોઇતા સરા ઓજારો રાખી શકતા નથી અને જો કદાચ રાખે તો તેનો ઉપયોગ સાહુકારોની યા પીઠાવાળાની વેઠમાજ થવાનો તેથી કાળીપરજના ખેડુતો અને મજુરો વધુ જોખમમાં ન પડતાં જેમતેમ મહેનત કરી ઘણી મુસીબતો વેઠી કઢંગી હાલતમા પોતાનો ગરીતાર્થ નભાવી રહયા છે હવે કાળીપરજના લોકોને જે

નાણુા ધીરવામા આવે છે તેના ઉપર જેઠ મહીનાથી તે કારતક માગસર સુધીમા મોસમના ૭ સાત મહીના માટે એક રૂપીએ બે આનાથી તે ૭ આના સુધીનુ વ્યાજ લેવામા આવે છે ખાનગી માટે જે અનાજ આપવામા આવે છે તેના બદલામાં મોસમ વખતે દેઢુ યા બમણુ બીને માટે જે અનાજ અપવામા આવે છે તેના બદલામા બેવડુ યા ત્રણુ ગણુ અનાજ લેવામા આવે છે એટલે આ પ્રથાના વ્યવહારથી ચાલુ રહેલ હદ બહારના શોષણથી કાળીપરજના ખેડુતો કેવી રીતે નભી શકે તે વિચારવા જેવુ છે આવા વ્યવહારથી કાળી પરજના જમીનદાર ખેડુતોને તો ટુક મુદતમાજ પોતાની જમીનો વેચી દેવી પડે છે યા તો ગીરો મુકવી પડે છે તેમા વળી એ લોકો પૈકી મોટો ભાગ અભણુ હોવાને સબબે તેઓ લખતા જણુાતા નથી એટલે વેચાણુ યા ગીરોખત કરતી વેળા જે ચાલાકી વાપરવામા આવે છે તેની ખબર કાળીપરજના લોકોને પડતી નથી કેટલીક વારતો એ લખાણો એની જાણ બહાર પણ થઇ જાય છે અને તે બાબત તેને કશી ખબર પડતી નથી પણ જયારે એની જમીનનો કબજો લેવામા આવે છે ત્યારેજ એને એની સ્થિતિનુ ભાન થાય છે એટલેથી એ વાત પતતી નથી કાળીપરજના લોકો સ્વભાવના ભોળા હોવાથી ઝટપટ સમજાવી શકાય છે અને એજ જમીન તેઓની પાસેથી અર્ધા ભાગે યા ગણોતે ફાવટ આવે તે સરતે અને દરથી ખેડાવી લેવામા આવે છે. અને અનાજ પાકતા બધુ અનાજ સાહુકાર યા ભાગીદાર પોતાને ત્યાં લઇ જાય છે અને એના ભાગનુ અનાજ બાકી રહેલા માગણા પેટે જમે કર્યાનુ કહી સાહુકારની મરજીમા આવે તો

થોડો વખત ચાલે એટલુ અનાજ કાઢી આપે છે તે પુરૂ થતાજ પાછુ કરજ કરવુ પડે છે એ પ્રમાણે સાહુકારનુ માગણુ કે લહેણુ કાયમ રહે છેએનો અત કદી આવતો નથી તે સબબથી સાહુકારને ત્યા તેની મરજી મુજબ કાળીપરજના લોકોને ઓછી મજુરીએ કામે જવુ પડે છે અથવા તે તે કહે તે સરતે ગણોત આપ્યા તે કહે તે વખતે તેની જમીન ફરજીઆત ખેડવી પડે છે અને હમેશને માટે સાહુકારના દબાણ તળે રહી ગુલામ જેવી સ્થિતિમા કાળીપરજના લોકોને પોતાની જીદગી ગુજા ગુજારવી પડે છે

કાળીપરજના ખેડુતો પોતે જયા ખેતી કરતા હોય તે ખેતરમાજ ઝુપડુ બાધી વસવાટ કરે છે એટલે ઉપર બતાવ્યા પ્રમાણે જો એ ખેડુતની જમીન સાહુકારે લઇ લીધી હોય તો તેને સાહુકારની મરજી ઉપરજ જીવવુ પડે છે જો એ માથુ ઉચકે તો એને છાપરૂ તોડી બીજે ઠેકાણે જવાની જરૂર પડે છે જો નહી જાય તો એના છાપરાને કાટા નાખી એ ખેડુતને તેમજ તેના ઢોરોને કપાઉન્ડ બહાર નીકળતાં અટકાવી ઢોરોને ડબ્બામા પુરવામા આવે છે તેમજ આવી રીતે સકંજામા સપડાયલા ખેડુત પાસેથી તેમની મરજી વિરૂદ્ધ તેના છાપરાની આસપાસ ચારે બાજુ આવેલી યા પડોસમા આવેલી કોઇ સાહુકારની જમીન તે ખેડુત પાસેથી અર્ધાભાગે યા ગણોતે ફાવે તેમ ફરજીઆત ખેડાવવામા આવે છે અને ખેડાવવામા ન આવે તો પણ તેની પાસેથી ગણોતના નાણા જબરજસ્તીથી વસુલ કરવામા આવે છે આ પ્રમાણે બધી બાજુથી ઘેરાયલા કાળીપરજના મજુરો અને ખેડુતો નિરાધાર અને નિરાશ બન્યા છે, અને બહુજ દુખી

હાલતમા પોતાનુ જીવન જેમતેમ નભાવી રહ્યા છે જ્યારે એ દુ:ખદ સ્થિતી અસહ્ય થાય છે ત્યારે એ લોકો નાશી જઇ પરહદમાં વસે છે, આજદીન સુધી કાળીપરજના લોકોને કેવળ પશુતુલ્ય લેખી તે પ્રમાણે તેમની સાથે વર્તાવ ચલાવવામા આવ્યો છે. એ સ્થિતિ વધુ વખત નભી શકે એમ નથી અને જો એ લોકોની હાલત તરફ આંખ આડા કાન કરવામા આવશે તો એનુ પરિણામ શુ આવશે તેનો ચોક્કસ ખ્યાલ થઇ શકતો નથી કાળીપરજની દયા જાણી એ લોકો પર ગુજરતા જુલમોમાથી બચાવવા ખાતર કોઇ માનવીએ યોગ્ય પગલા લીધા હો એમ દેખાતુ નથી પણ દયાળુ પરમેશ્વરે એ તરફ પોતાની મહેર નજર ફેરવી હોય એમ હાલતો સ્પષ્ટ દેખાય છે કારણ કાળીપરજના લોકોમા દેવીનો આત્મશુદ્ધિ અને આત્મોન્નતિનો સદેશ પવનના વેગથી ચોમેર ફેલાઇ રહ્યો છે તેના પ્રતાપે સેકડો વર્ષ સુધી પ્રયત્ન કરતા પણ જે શુભ પરિણામ લાવવુ મુશ્કેલ હતુ તે શુભ પરિણામ કોઇએ કંઇ જાદુ કર્યો હોય તેમ અદ્‌ભુત રીતે કેવળ દેવીના ફરમાનથી આવવા પામ્યુ છે અને તેથી એ લોકો ઉન્નતિનો માર્ગ ક્રમપણે આક્રમી રહ્યા છે જે કાળી પરજ છ મહીના અગાઉ દારૂતાડીના વ્યસનમા ગરકાવ થઇ રહી હતી, માસાહાર કરતી હતી અને ગલીચીમા લચી પચી રહી હતી તે કાળીપરજના લોકો આગળ દેવીએ બ્રહ્મચર્યના શુદ્ધ સાત્વિક અને અહિંસક આચરણવાળુ આદર્શ મુકયુ છે. જેના પરિણામે કાળી-પરજના લોકોએ મદ્ય માસાહારનો ત્યાગ કર્યો છે અને કોઇ પણ ઉજળીયાત લોકોને શોભે એવુ શુદ્ધાચરણ એ લોકો આદરી રહ્યા છે.

એ દેવીના પવનનો પ્રારભ નાશિક જીલ્લાને રસ્તે આ રાજ્યના રાની મહાલોમાં પ્રસર્યો તેની સચોટ અસર કાળીપરજ જેવા ભાવિક લોકોમા ઘણી સહેલાઇથી થવા પામી છે.

જ્યારે દેવીનો પવન કોઇ ગામમા આવે છે ત્યારે કોઇ માણસ સ્ત્રી યા છોકરો ધુણવા લાગે છે અને ગામના લોકોને વ્યક્તિશઃ તેમજ આખા ગામને ચોખ્ખુ બનાવવા કહે છે કાળીપરજ જેવા ભાવિક લોકો દેવીની આજ્ઞાને માન આપી તેને તરત અમલમા મુકે છે દેવી કાળીપરજના લોકોને શુદ્ધિનો સદેશો પ્રથમ આપે છે ત્યારે તે આખુ ગામ ચોખ્ખુ કરવા કહે છે એટલે ગામના તમામ લોકો એ દારૂ તાડીનો ત્યાગ કરવો, માસ, માછલી અને બુમલા ખાવાનુ બધ કરવુ પુરૂષોએ બે વખત અને સ્ત્રીઓએ ત્રણ વખત દરરોજ નાહવુ ઝુપડા તેમજ તેની આસપાસનુ આગણુ લીપીચાપી વાળી ઝુડી સાફસુફ રાખવા ઘરમાથી માટીના વાસણો કાઢી નાખી તેને બદલે ધાતુના વાસણો વાપરવા દિશા જતા પાણીનો ઉપયોગ કરવો વિગેરે એ પ્રમાણે જ્યારે આખુ ગામ ચોકખુ બને છે ત્યારે તે ગામે ભડારો કરવા દેવી તરફથી પરવાનગી આપવામા આવે છે એવી રીતે શુદ્ધ થયેલા ગામોની વસ્તી અતર અને નદીના કાઠાની સગવડ જોઇ એકથી તે સાત સુધીના ગામોનો જુથ પાડી તે ગામોનો સ્વતત્ર યા એકઠો ભડારો કરવામા આવે છે જે ગામે ભડારો કરવો હોય તે ગામે નદીના કાઠા ઉપર માડવો પાડી ત્યા ભડારાની ક્રિયા કરવામાં આવે છે ભડારાની ક્રિયા કરવા માટે શરૂઆતમા બહારના ગવળીઓને બોલાવેલા પણ જ્યારે કાળીપરજના લોકો એ

કામમાં પ્રવીણ થયા ત્યારે બહારના ગનળીઓ ચાલ્યા ગયા ગનળી
થવાની લાયકી એટલીજ છે કે દેવી આવતી હોય એવા ઇસમે લાગ
લાગટ ત્રણ ભડારામા હાજરી આપવી જોઇએ ત્યારબાદ તે ઇસમ
સ્વતત્રપણે ભડારાની ક્રીયા કરી શકે છે અને ઇતર લોકો તેને
ગનળી તરીકે માનતા થાય છે એવી રીતે કાળીપરજનાજ ઘણા
ગનળીઓ થયા છે ભડારા માટે ઉના કરેલા માડવામા ચોકસ
વિધિપુર્વક પૂજા કરી દેવીની સ્થાપના કરવામા આવે છે, જે વખતે
જે જુથનો ભડારો હોય તે વખતે તે જુથમા આવતા ઘર દીઠ એક
એક માણસ ભડારાના માડવે વારા મુજબ હાજર રહેછે હાજર રહેલા
લોકોને ઉપદેશ કરવામા આવે છે જેમા પ્રથમ કાળીપરજ લોકોમાં
જમનાથી અધશ્રદ્ધા પૂર્વક મનાતા સર્વે ખોટા વહેમો કાઢી નાખવા
માટે એ વહેમોની અસર હવે પછી કાળીપરજના લોકો ઉપર નહિ
થશે એવી ખાત્રી એ લોકોને આપવા ખાતર ચોક્કસ ક્રીયા કરી
સમજાવવામા આવે છે ત્યારબાદ સરકારના કાયદાને માન આપવાનો
ઉપદેશ કરવામા આવે છે દારૂ તાડી તથા માસાહારનો ત્યાગ કરવો
સાચુ બોલવુ, ચોરી છીનાળી કરવી નહિ, કોઇને ગાળ દેવી નહિ
ઘેર ઘેર ગાયો પાળવી, જાનવરો સાથે ઘાતકી વર્તન કરવુ નહિ
બળદેને પરાણી મારવી નહિ, બળદો પાસેથી બપોરે કામ લેવુ નહિ,
ગાયને ગૌ માતા અથવા દુધીબેન અને બળદને નાદીયાબાવા કહેવુ
બળદને ચાલતા જરાપણ દુ'ખ દેવુ નહિ તે કારણસર જ્યા રસ્તા
ખરાબ થયેલા હોય ત્યાં તે સમારવા માટે દરેક ગામના લોકોને
સમજ અપાય છે જગલના પશુ પક્ષીઓને ખોરાકને માટે શિકાર

કરી મારવા નહિ તેમ ઘેરે પણ મરઘા, કુકડા, ઘેટા બકરાં, વગેરે પાળવાં નહિ, અને જો પાળવામા આવે તો તેનો ઉપયોગ ખોરાક માટે કરવો નહિ દરેક પરાયા કોમન લોકો સાથે પ્રેમથી વર્તવુ કાળી પરજના લોકોએ અરસપરસ ખેતીના કામમા મદદ કરવી વગેરે આ પ્રમાણે કાળીપરજની ઉન્નતી કરવા ખાતર ઉપર જણાવ્યા કારણે એ લોકોને દેવી તરફથી ભડારાને માડવે અહિંસા પ્રેમ, અને સપથી વર્તવ નો સદ્બોધ આપવામા આવે છે કાળી-પરજના લોકો ભાવિક હોવાથી એ ઉપદેશની અસર એ શુદ્ધ અત-કરણવાળા કાળીપરજના લોકો ઉપર સચોટ થવા પામી છે અને એવી રીતે થયેલી અસરને મજબુત કરવા માટે ત્રણ મહિના સુધી ચોક્કસ વ્રતો પળાવવામા આવે છે કાળીપરજમા ચાલી આવેલી ભ્રષ્ટતા દુર કરી દેહ શુદ્ધિ કરવા માટે પ્રાયશ્ચિત તરીકે કાળીપરજના પુરૂષ અને સ્ત્રીઓને ત્રણ મહિના સુધી બ્રહ્મચર્ય પાળવુ પડે છે, સ્ત્રીઓએ માસિક અટકાવ પાળી તે વખત દરમ્યાન કોઇને અડવુ નહિ તેમજ કામકાજ પણ કરવુ નહિ અવળીના હાથના રધાયલા ખોરાક સિવાય કોઇના હાથનુ ખાવુ નહિ, અથવા તો પોતેજ રાધીને ખાવુ ત્રણ મહિના સુધી તેલ અથવા ઘી ખાવુ નહી પોતાના ઘરના કામ સિવાય દેવીની પરવાનગી સિવાય કોઇ પરાયા કોમની મજુરીએ જવુ નહિ દર મગળવારે યા રવિવારે જુથ પ્રમાણેના ભડારાવાળા ગામના તમામ લોકોએ ભડારાના માડવે એકઠા થઇ કાળીપરજના સુધારા માટે ચર્ચા કરવી વગેરે, એ પ્રમાણે અત્યાર સુધી દરેક રીતે ચડાઇ રહેલી પણ દેવીના પ્રભાવથી જાગૃત

થયેલી કાળીપરજ પોતાની ઉન્નતિ સાધવા માટે કોઇની આડે આવ્યા વગર, શાંતિથી પ્રયત્નો આદરી રહી છે અને હાલમાં આખા પ્રચલિત વાતાવરણના લીધે સુધરેલ વિચારવાળા હિંદુ પારસી ને મુસલમાનભાઇઓ કાળીપરજના પોતાની ઉન્નતિ સાધવાના સ્તુત્ય પ્રયાસમાં સહાનુભૂતિપુર્વક મદદ કરી રહ્યા છે

પણ અનાદિકાળથી ચાલતો આવેલ દુનિયાના વહેવાર તરફ નજર કરતા આપણને જણાઇ આવે છે કે, જયારે કોઇ ચોકસવર્ગ સાધન સંપન્ન થઇ સુખી થવાને ભાગ્યશાળી હોવાનુ જણાય છે, ત્યારે એ ભાગ્યશાળી વર્ગ પોતાનુ ઐશ્વર્ય ટકાવી રાખવા માટે કોઇ બીજા અભાગી વર્ગને નિરંતર ગુલામીમા રાખી તેના પરસેવાથી ઉત્પન્ન થયેલ માલ મલીદા ઉપર ત્રાપ મારી પોતાનુ માની લીધેલુ સુખી જીવન ટકાવી રાખવા માટે પ્રયત્નો કરતો રહે છે. અને જ્યારે ગુલામીમા સબડતો વર્ગ પોતાની ઉન્નતિ સાધવા માટે પ્રયત્નો કરે છે ત્યારે તે પ્રવૃત્તિ દાબી દેવા માટે જે વર્ગનુ હિત ધાસ્તીમા આવી પડે છે તે હિત ધરાવનાર વર્ગ ગુલામ વર્ગને કાબુમા રાખવા ધમપછાડા મારે છે અને ઘણી હાર યા જીતો છતા આખરે જે વર્ગ સત્ય અને સાત્વિકતાને વળગી રહે છે તેજ વર્ગનો પ્રયત્ન સફળ થાય છે કાળીપરજના લોકોએ પોતાની ઉન્નતિ માટે એ અગાઉ અનેક પ્રયત્નો કરેના પણ એ કોમની અભણતાને લીધે સતત્ પ્રયત્નો, ચીવટ અને નિસ્વાર્થી આગેવાનોના અભાવે હિતાર્થી લોકોના વિરૂદ્ધ પ્રયત્નો અને ખાંડખોલીથી એ પ્રયત્નો સફળ થયા નહિ જેથી કરેલ સુધારા ટુંક મુદતમાંજ નાબુદ થયા અને એ

કોમના લોકો પોતાની અસલી ખરાબ આદતોને વશ થઇ પુર્વવત વર્તવા લાગ્યા આ વખતે પણ દેવીના પ્રતાપે કાળીપરજમા જામેલી જાગૃતિ અગાઉની માફક ટુંક મુદતમાજ નાબુદ થશે એમ ઘણા લોકો માની બેઠા હતા. પણ કાળીપરજના સુભાગ્યે આ વખતના પ્રયત્નમા દેવીના ફરમાનની મદદ મળી એટલે એ જાગૃતિ ટુંક વખતનાંજ ટાઢી પડવાને બદલે વધારે ને વધારે મકકમ થતી ગઇ અને એ જાગૃતિ કાળીપરજમા કાયમની રહેશે એમ જયારે હિત ધરાવનાર વર્ગને ખાત્રી થવા લાગી ત્યારે એ હિત ધરાવનાર લોકોએ પોતાના હાથમાનો શિકાર છટકી જશે એમ જાણ્યુ ત્યારે એ હિત ધરાવનાર વર્ગે કાળીપરજના લોકોને અસલની ગુલામીની સ્થિતીમાં રાખવા ખાતર ચાલુ વખતનો વિચાર કર્યા વગર દોડધામ કરવાનું શરૂ કર્યું.

લાંબા વખતથી એ પ્રદેશમા વસતા પારસીભાઇઓ દારૂ તાડીની દુકાનો રાખતા આવ્યા છે અને તે દારૂતાડીના વેપારને અંગે સારો નફો મળવાથી ધનસંપન્ન તથા જમીનદાર બન્યા, અને ઉજળીયાત વર્ગમાં પારસી ભાઇઓએ સારી પ્રતીષ્ઠા મેળવી પારસી ભાઇઓ ભણેલા ગણેલા હોવાથી અધિકારી વર્ગમાં સારો લાગવગ ધરાવે છે. હાલની કાળીપરજની જાગૃતિનો વિચાર કરતા એ લોકો અસલની માફક દારૂ તાડી વાપરતા રહે, તોજ પારસી ભાઇઓનું ગાડુ ગબડતુ રહેશે એમ કેટલાક પારસીઓને લાગવાથી એ લોકોએ કાળીપરજના લોકોને તેની અસલ સ્થિતિપર લાવવા માટે પ્રયત્નો શરૂ કર્યા ઉપર દર્શાવ્યા મુજબ એ પારસી ભાઇઓને

એમજ લાગેલુ કે એ જાગૃતિનો ઉભરો ટુંક વખતમાં શાંતિ થતા બેસી જશે અને કાળીપરજના લોકો અસલની માફક દારૂતાડી વાપરતા થશે તેથી એ ભાઈઓ થોડીવાર શાંતિ રાખી પણ પારસી ભાઈઓની માન્યતા અને ગણત્રી મુજબ કાળીપરજના લોકો ડગ્યા નહીં, પણ ઉલટા મક્કમ રહેવા લાગ્યા એટલે એ પારસી ભાઈઓ કાળીપરજના લોકોને ખીજવવા લાગ્યા તેમાં ન ફાવ્યા ત્યારે ફલાણા ગામના લોકોએ દારૂતાડી પીવાનુ શરૂ કર્યું છે માટે તમારે દારૂતાડી પીવાનુ શરૂ કરવુ જોઈએ તેમ કાળીપરજના લોકોએ દારૂતાડી પીવી જોઈએ એમ સરકારનો હુકમ આવ્યો છે અને જો કાળીપરજના લોકો દારૂતાડી પીવા નહિ શરૂ કરશે તો તેમને સરકાર દંડી કેદમા પુરશે વગેરે ગપગોળાનો અસ્ત્રો ગામેગામે ફેંકવા માંડ્યો એમાએ જ્યારે ન ફાવ્યા ત્યારે દેવીનો પવન એ એક ઢોંગ છે છે એમ કહી કાળીપરજના લોકોને ધમકી આપી મારફાડ અને કનડગત કરવાનુ શરૂ થયુ

લખાલી, બાલપુર આર તાડ મુકત અને બીજા અનેક ઠેકાણેના માડવામા જઇ ત્યા જે ઇસમને દેવી આવતી હતી તેને માર મારી તેના શરીર ઉપર દારૂ રેડી અને દેવીના માડવા તોડયા અગર બાળ્યા અને દેવીના માડવામા પારસીઓને દાખલ થવાની મનાઇ છતા અંદર દાખલ થઇ ઝાડા પીસાબ કરી ત્યાનો માડવો ભ્રષ્ટ કર્યો અનાવલ ગામે સાર્વજનિક કુવાનુ પાણી કાળી પરજના લોકો વાપરતા હતા તે કુવામા દારૂ નાખ્યો. એક તરવાડાના છોકરાએ તાડ છોલવાનુ ના કહેતા તેને જબરાપથી પકડી રાખી તેના મોમાં તાડી રેડી માડવી તાલુકામા પણ એક પારસી ભાઇએ દેવીના માડવે બદુક સાથે જઇ તોફાન કર્યું એ પ્રમાણે કેટલાક અવિચારી પારસી ભાઇઓ તરફથી કાળીપરજ લોકોની ધાર્મીક લાગણી ઉશ્કેરવાની અને ખીજવવાની કારવાઇ શરૂ થતા મામલો બગડયો અને આગમા ઘી હોમાયુ કેટલાક પારસી ભાઇઓ તરફથી કાળીપરજના લોકો ઉપર આજ દીન સુધી થતો રહેલ જુલમાટ એ લોકો સ્વભાવે ગરીબ અને અવાચક હોવાથી અત્યાર સુધી પોતાનો ગુસ્સો બહાર કાઢી શકતા નહિ પણ કાળીપરજના લોકો ગમે તે પ્રકારનો જુલમ અને માન હાની મુગે મોઢે સહન કરતા આવ્યા છે પણ ઉપર બતાવ્યા મુજબ એ અવિચારી પારસીઓના દુર્તનથી પારસી ભાઇઓ પ્રત્યે કાળીપરજના લોકોનો ગુસ્સો જુસ્સાભેર બહાર પડયો અને બીજા ઉજળીયાત વર્ગ તરફનો જુલ્માત છતા પારસી ભાઇઓ કાળીપરજના ગુસ્સાનો ભોગ થઇ પડયા એટલે ત્રણ મહિના પછી દેવી તરફથી કઇપણ ભેદ રાખ્યા વગર કામે જવાની પરવાનગી થવાની હતી તે અટકી. અને

દેવીના ફરમાનથી કહો કે કાળીપરજના આગેવાનોના કહેવાથી કાળી પરજના લોકોએ એકલા પારસી ભાઇઓને ત્યાં કામે નહિ જવાનુ યોગ્ય સ્વીકાર્યું ત્યાંથી બાજી સુધરવાને બદલે બગડવા લાગી એટલે પારસી ભાઇઓ કાળીપરજને કાબુમાં લાવવા સરકારની મદદ મેળવવા સ્થાનિક અધિકારીઓ પાસે દોડી ગયા, અને જાણે કેવળ કાળીપરજના લાભ ખાતરજ એ ભાઇઓ કામ કરી રહ્યા છે, એમ ડોળ ઘાલી પાયા વગરની વાતો કરવા માંડી કે, દેવીના પવનને લીધે કાળીપરજના લોકોએ પોતાની ખેતી તરફ બીલકુલ લક્ષ આપ્યુ નહિ અને એ લોકોના પાકેલા આખા ખેતરનો માલ પક્ષીઓએ અને જાનવરોએ ખાઈ નાંખવાથી રખડી ગયો અને તેથી કાળીપરજના લોકો કામ ન કરે તો ભુખે મરવાના પણ વસ્તુસ્થિતિ એ પ્રમાણે નથી જો કે, ભડારાના વખતે કાળી પરજના લોકો માંડવે એકઠા થતા તે પણ ઘર દીઠ એક માણસ એ પ્રમાણે વારા મુજબ જતા અને બાકીના માણસો પોતાની ખેતી સાચવતા એટલે કાળીપરજના લોકોએ પોતાની ખેતીનો પાક પુરેપુરો સંઘર્યો છે અને બીજાને ત્યાં કામે ન જાય તો ભુખે મરવાના નથી મજુર વર્ગને કાળીપરજના લોકો આપસાપસમાં કામે બોલાવે છે અને [illegible] મજુરી આપે છે એટલે કાળીપરજનો મજુર વર્ગ પણ ભુખે મરતો નથી પણ જે કાળીપરજના ખેડુતો પારસી લોકોની જમીનજ છાપરા નાખી રહે છે પણ પારસીઓને ત્યાં કામે જતા નથી તે લોકોને છાપરા તોડી જવાનો પ્રસંગ આવવાનો અને તેવા એવા પ્રકારના પારસીઓના દબાણ તળે રહેલા કાળી પરજના લોકોને વધુ કનડગત થવાનો સંભવ છે ગવળી લોકો કામ

પરજના લોકો પાસેથી ભંડારામાંથી હજારો રૂપીઆ ધુતી ગયા એમ બુમો પાડવામાં આવી અને એ ખોટી બુમો ઉપર આધાર રાખી વિના તપાસે ગવળીઓને અને તેથી આડકતરી રીતે કાળીપરજની આ તમે શુદ્ધિનાપ્રયાસોને અટક કરનારા જાહેરનામા સરકારે બહાર પડ્યાં પણ તપાસ કરતા તો એમ જણાય છે કે ભંડારામાં પૂજા વખતે રૂ. ૧ા કે ૨ાા દક્ષિણા તરીકે મુકવામા આવે છે અને ભંડારાના છેલ્લા દિવસે જુથના સઘળા લોકો એકઠા થાય છે તેમા દરેક માણસ પોતાની શક્તિ મુજબ પા આનો કે અડધો આનો ગવળીઓને આપે છે એવી રીતે જે રકમ ૧૫ થી ૨૦ રૂપીઆ સુધીની થાય છે તે પણ ભંડારામાજ હાજર રહેલા સઘળા ગવળીઓને ભાગે પડતી વહેંચી અપાતી એમ કરવામા જો પાપ થતુ હોય તો ઉજળીયાત વર્ગ પોતાના ગોરજીને કે બ્રાહ્મણ મહંતને, પારસી ભાઈઓ પોતાના મોબેદોને યા દસ્તુરોને સેંકડો રૂપીઆ ભેટ આપે છે તે પણ એક ગુન્હો યા પાપજ લેખવુ જોઈએ ગવળીઓના ઉપદેશથી કાળીપરજના લોકો દારૂ તાડી છોડી બેઠા છે, અને તેને લીધે આજ દીન સુધી એ લોકોને લાખો રૂપીઆની બચત થવા પામી છે તેમાથી જો અર્ધા આના જેવી નજીવી રકમની દક્ષિણા ભેટ આપે તો તેમા કાળીપરજે મોટો ભોગ આપ્યો છે અને તેથી તેને મોટુ આર્થીક નુકશાન થયુ છે એમ સમજવુ ભુલ ભરેલુ છે બલકે કાળીપરજના લોકો ગવળી લોકોનો તેમણે કરેલા સઘળા સારા કામ બદલ અહેસાનમાની ગવળીઓ માટે જેટલો ભોગ આપે તેટલો ઓછોજ છે આ સ્થળે એ પણ જણાવવુ જોઈએ કે જ્યારે દેવીએ

કાળીપરજના લોકોને ઘરમા મરઘા બકરા રાખવાની મના કરી ત્યારે એ ભોળાદેવ લોકોએ પોતાનાં મરઘાં, કુકડા, બકરા વગેરે પાણીના મુલે વેચી નાખ્યા, યા રવડતા છોડી મુકયા ત્યારે તે નજીવી કીમતે વેચાતા લઈ યા સઘરી તેના વેચાણથી કેટલાક પારસી ભાઈઓએ હજારો રૂપીઆ મેળવ્યા તે તો જાણે કંઈ હિસાબમાજ નથી ભડારાના ખર્ચ માટે કાળીપરજના લોકોએ પોતપોતામાં હળ દીઠ ચાર આનાથી એક રૂપીઆ પ્રમાણે ઉઘરાણુ કરેલુ તેમાથી ભડારાના વખતે ભડારામા હાજર રહેલા લોકોને ચાહ પાવાનો, પ્રસાદ માટે કોપરાં, ખજુરનો, દેવીની પુજાના સામાનનો અને ભડારાના છેલ્લા દિવસે બધા લોકોને જમાડવાનો ખર્ચ કરવામા આવેલો ખર્ચ કરતા બાકી રહેલી રકમ ભડારા ખાતે શીલક રાખવામા આવી છે અને તે બાબતનો હિસાબ પણ રાખવામા આવ્યો છે. ચળવળીય લોકો કાળીપરજના લોકોને ઉનટુ સુલટુ સમજાવી પૈસા ઉઘરાવે છે અને એ લોકોને દૂર દુરના ગામે સભામા જવાની ફરજ પાડે છે, જેથી કાળીપરજ લોકોને ઘણુ નુકશાન થાય છે જેથી તે સરકારે અટકાવવુ જોઈએ હિંદુ લોકો કાશી, હરીદ્વાર, રામેશ્વર, દ્વારકા, જગન્નાથપૂરી અને મુસલમાનો મક્કા, મદીના જેવા દુરના યાત્રાના સ્થળે જાય છે અને તે માટે ઘણી હાડમારી વેઠી લાંબા વખતનો, અને પૈસાનો ભોગ આપી પોતાની ધાર્મિક ભાવના ઉદ્દિપિત કરી પરમાર્થ હાસલ કરવાના ઇરાદે પરેજગાર બની પોતાની બાકીની જીંદગી પવિત્રતથી ગુજારે છે જયારે એક દારૂડીયો એક દિવસ યથેચ્છ [illegible] [illegible] બેભાન હાલતમા નિર્લજપણે ગટરની

સુગય લેના લોકોના તિરસ્કાર અને દયાને પાત્ર બની નિચેષ્ટ પડી રહે અને લાંબો વખત વિત્યા બાદ ભાન આવતા પોતાની નિર્લજ હાલતનો ખ્યાલ આવતા શરમના માર્યા અને શરીરના દુઃખના લીધે ઘરમાં પડી રહે તો એ બેઉ દાખલાના ઇષ્ટાનિષ્ટ પરિણામોનો નિર્ણય અને કાળી પરજના લોકો સભામા જવાથી સુધરતા હોવાથી ખરેખર નુકશાન કોને થાય છે તેનો ખરો ખ્યાલ વાચક વર્ગ પોતાની મેળે કરી લેશે. ઉજળીયાત વર્ગનો મોટો ભાગ સમજી ગયો છે કે કાળીપરજની ઉન્નતિમાજ બેઉ વર્ગનો લાભ સમાયલો છે તેથી એ લોકોની હાલની જાગૃતિ એ વર્ગ તરફ સહાનુભુતિ ધરાવે છે, અને એ લોકોને પોતાના પ્રયત્નમા મક્કમ રહેવા બનતી મદદ અને સલાહ આપતા રહ્યા છે એ વાત કેટલાક પીઠાવાળાઓને અને શાહુકારોને રૂચતી નથી એટલે એ સ્વાર્થી લોકો કાળીપરજની ઉન્નતિના પ્રયત્નોમાં ભાગ લેતા અસહકારીઓ - સફેદ ટોપીવાળા વિગેરે ઉજળીયાત વર્ગને મારે ચળવળીયા, નામો આપી સરકારને એ લોકો વિરૂદ્ધ ભડકાવી રહ્યા છે.

જેમ જેમ કાળીપરજ લોકોની જાગૃતિના શુભ સમાચાર દેશા-વરમા પ્રસરતા ગયા તેમ તેમ બહારના લોકો કાળીપરજ પ્રત્યે માનની લાગણી ધરાવવા લાગ્યા, અને એમના પ્રયત્નમા સહાનુભુતિ સાથે મદદ કરવાની તીવ્ર ઇચ્છા ધરાવવા લાગ્યા અને તેથી શેખપુર અને ડાસવાડા મુકામે કાળીપરજના આગેવાનોના આમંત્રણને માન આપી શ્રીયુત વલ્લભભાઇ પટેલ, પુજ્ય સૌ. કસ્તુરબા, શ્રીયુત અમૃતલાલ વિ ઠક્કર વગેરે નેતાઓએ શેખપુર અને ડોસવાડા મુકામે ભરાયલી કાળીપરજના

પરિષદોમા હાજરી આપી, એ લોકોને પોતાના પ્રયત્નમા મક્કમ રહી પોતાની ઉન્નતિ સાધવા ઉપદેશ આપ્યો તેમજ શ્રીયુત વલ્લભભાઇએ શેખપુર મુકામે, પૂજ્ય સૌ કસ્તુરબાએ ડોસવાડા અને સોનગઢ મુકામે અને રા વામનરાવ તાહમણકરે સોનગઢ મુકામે કાળીપરજના લોકો પારસીભાઇઓ પ્રત્યે કડવાશ રાખી તેમને ત્યા કામે જતા નથી એમ જાણવામા આવતા કાળીપરજના લોકોને તેમ ન કરતા પારસી ભાઇઓ સાથે પ્રેમથી વર્તી તેમને ત્યા કામે જવા ઉપદેશ આપ્યો હતો એવી રીતે બહારના તેમજ સ્થાનિક આગેવાનો કાળીપરજના લોકોના સમજાવી પારસી ભાઇઓને ત્યા કામે જવા તેમને ઉપદેશ આપે છે તે વાત વિસારી દેવામા આવે છે, અને તેમને માથે ચળવળીઆનો અને અસહકારીનો છાપો મારવામા આવે છે કારણ બહારના આગેવાનો અને સ્થાનિક ઉજળીયાત લોકો કાળીપરજના લોકોને મદદ અને ઉત્તેજન આપી, કાળીપરજના આગેવાનો કાળીપરજ લોકોની સભાઓ ભરી તે દ્વારા એ લોકોને મકકમ રાખે, એ વાતો કેટલાક પારસી ભાઇઓને અને ઉજળીયાત વર્ગના સાહુકારોને ગમતી નથી તેમજ ઉજળીયાત વર્ગ તરફથી કાળીપરજના લોકોને મળતી મદદ અને સહાનુભુતિ અટકાવવા અને કાળીપરજને ગમે તે રસ્તે અને બહાને ઉજળીયાત વર્ગના સસર્ગથી દુર રાખવા ખાતર એ પારસી ભાઇઓ અને સાહુકારોને પોતાથી બનતા પ્રયત્નો આદરી રહ્યા છે. સ્થાનિક અધિકારીઓ વસ્તુસ્થિતિથી વાકેફ હોવાને લીધે એ પારસી ભાઇઓને અને શાહુકારો સ્થાનિક અધિકારીઓ તરફથી મદદ મળી નહિ એટલે એ લોકો વરિષ્ટ અધિકારીઓ તરફ ગયા એ

વરિષ્ટ અધિકારીઓ વસ્તુસ્થિતિથી અજાણ્યા હોવાથી એક તરફી હકીકત સાભળી દોરવાઇ ગયા અને મહુવા તાલુકાને બે મહિના સુધી સભા બંધીનો હુકમ લાગુ કર્યો કાળીપરજના પ્રદેશોની નિશાળોમા શિક્ષકો તરીકે કામ કરતા ઉજળીયાત તેમજ, કાળીપરજના ભણેલા માણસોને કાળીપરજની સભાઓમા ભાગ લેતા અટકાવ્યા અને દાખલો બેસાડવા ખાતર મુકામે પૂજ્ય સૌ. કસ્તુરબાના ભાષણાનુસાર કાળીપરજની ભાષામા સમજાવવા માટે સોનગઢ તાલુકાના એક કા ૫ કારકુન દડ પણ કરવામા આવ્યો છે. એટલુ કાળીપરજના પોતાની કોમની ઉન્નતિના પ્રયત્નો ઉપર મોટો ફટકો પડયો છે અને તેથી કાળીપરજના અભણ લોકો ગભરાયા અને પોતાના પ્રવર્તનમા શિથિલ બન્યા હતા ભડારાના સબધમા કાળીપરજના લોકોની ગેર સમજ કરે એવા હુકમો અને જાહેરનામાઓ પ્રસિદ્ધ થયા તે ઉપરાત બીજી બાજુએ એ જાહેરનામા અને હુકમોને પીઠાવાળાઓએ ઉલટા સુલટા સમજાવી કાળીપરજ લોકોને દારૂ તાડી પીવા માટે તેમજ તરવાડાઓને ગાડી કહાડવા સારૂ તાડ છેદવા માટે અને પોતાને ત્યા ઓછી મજુરીએ આવવા માટે કેટલાક જમીનદાર પારસીઓ દાબ દબાણ ધાકધમકી, અને મારફાડનો ઉપયોગ કરવા મડી પડયા

કેટલેક ઠેકાણે દારૂતાડી પીવાનો ઉલટો ઉપદેશ કરનારી દેવીઓ ધુણાવવાનુ શરૂ થયુ હતુ પણ એ ઢોંગ ઝાઝો વખત ચાલ્યુ નહિ આવા પ્રકારના ત્રાસથી કાળીપરજના લોકો અકળાઇ ગયા અને કમાકોળ સ્થિતિમા આવી ગયા. કાળીપરજના લોકો ઉપર ગુજરતા

જુલમોની દાદ મેળવવા કાળીપરજના આગેવાનોએ અરજી કરી મે. દીવાન સાહેબની મુલાકાત લીધી મે. દીવાન સાહેબે જે જુલમ કરે તેના સામે કાયદેસર પગલા ભરી યોગ્ય મદદ મેળવવા કાળીપરજના લોકોને શિખામણ આપી વદા કીધા

વડોદરે ગયેલા કાળીપરજ આગેવાનોએ વડોદરા ખાતે મદ્યપાન પ્રતિબંધક મંડળના સભાસદોની મુલાકાત લીધી અને કાળીપરજ ઉપર પડતા દુઃખની કહાણી કહી સંભળાવી, જે ઉપરથી એ મંડળે કાળીપરજના લોકોની અંદર સ્થિતિ બાબત તપાસ કરવા સ્વ. મે રા રા. આપાસાહેબ સારંગપાણી રા મટુભાઇ કાટાવાળા રા. ડૉ. સુમંત રા છોટાલાલ ઝવેરભાઇ સુતરીયા વકીલ, રા. પ્રોફેસર માણેકરાવ અને રા. વામન ભાસ્કર નિકતે વકીલ એમની એક કમીટિ નીમી. એ કમિટિ પૈકી મે. સારંગપાણી સાહેબ અને મે. મટુભાઈ સાહેબ માંદગીને સબબે આવી શકયા નહી જેથી બાકીના સભ્યોએ નવસારી પ્રાંત એજન્સી સમિતિની મદદથી કાળીપરજ લોકોની હાડમારી બાબદ તપાસ અર્થે ધોળાકુઇ મહુવા વ્યારા, સોનગઢ મુકામે ફરી માહીતી મેળવી છે અને તે ઉપરથીજ આ ટુંક હેવાલ આપવામા આવ્યા છે.

આ અહેવાલ વાચીને કાળીપરજના લોકોનુ જીવન કેવુ કષ્ટમય થઇ પડયુ છે તેનો થોડો ઘણો ખ્યાલ વાચક વર્ગને થયાવિના રહેશે નહિ એ ઉપરથી સરકારે કાળીપરજના લોકોએ ઉજળીયાત વર્ગના સાહુકારોએ જમીનદારો અને પીઠાવાળાઓએ અને તે સિવાયના કાળીપરજની ઉન્નતિ અર્થે સહાનુભુતિ ધરાવનાર ઉજળીયાત વર્ગના

ઇતર કોમોએ એ સમ્બંધમાં શું પગલાં લેવાં તેનો વિચાર આ સ્થળે કરવો ઇષ્ટ છે

પ્રથમ વડોદરા સરકારે એ સબંધમાં શું કરવું જોઇએ તેનો વિચાર કરીશું. કારણ કાળીપરજની ઉન્નતિ અર્થે કરવામાં આવનાર પ્રયત્નોને યશ મળવું યા ન મળવું તેનો આધાર વડોદરા સરકાર અને તેના અધિકારી વર્ગ કાળીપરજના સબંધમાં જે નીતિ અખત્યાર કરશે તેના ઉપર રહેશે.

શ્રીમંત મહારાજા સાહેબ કાળીપરજની ઉન્નતિ કરવા માટે તીવ્ર અને સક્રિય ઇચ્છા ધરાવે છે તેને અંગે શ્રીમંત મહારાજા સાહેબે જે જે પ્રયત્નો કર્યા છે તેથી નવસારી પ્રાંતની રૈયત વર્ગ અને અધિકારી વર્ગ પૂર્ણપણે વાકેફ છે પણ એ પ્રદેશમાં વસતા ઉજળીયાત વર્ગના સ્વાર્થી અને આડી અવળી ખટપટોથી અને અધિકારી વર્ગે ઉજળીયાત વર્ગનીએ ખટપટો તરફ દુર્લક્ષ કરવાથી શ્રીમંત મહારાજા સાહેબના પ્રયત્નો ફળીભૂત થવા પામ્યા નથી કાળીપરજના લોકો અભણ હોવાથી વિચાર શુન્ય છે એટલે પોતાને શામાં ફાયદો અને નુકશાન છે તેનો ખ્યાલ જરાપણ કરી શકતા નથી તેથી ઉજળીયાત વર્ગે એ સઘળા સંજોગોનો નિરંકુશપણે ફાવે તેમ લાભ લઇ કાળીપરજના લોકોને સત્વહીન અને નિરાધાર બનાવી મુકયા. છે એ સ્થિતિ અટકાવવા માટે કાળીપરજ પ્રત્યે પોતાને ખરા અંતઃકરણની લાગણી છે એમ જો દુનિયાને ખાત્રીપૂર્વક બતાવવું હોય અને અત્યાર સુધી નિષ્ફળ નીવડેલા શ્રીમંત મહારાજા સાહેબના

પ્રયત્નોને અનાયસે ફળીભુત કરી દેખાડવા હોય તો હાલ કાળીપરજમા ઉત્પન્ન થયેલી જાગૃતિનો પહેલી તકે લાભ લેવા અધિકારી વર્ગે ચુકવુ ન જોઇએ અને એ જાગૃતિ ટકાવી રાખવાના માર્ગમા હિત ધરાવનાર ઉજળીયાત વર્ગ તરફથી જે જે હરકતો ઉભી થવા પામી હશે પામે છે અગર પામશે તે તે હરકતો હિત ધરાવનાર ઉજળીયાત વર્ગની સ્વાર્થી અને ખોટી દલીલોને નહિ ગણકારતા મજબુત હાથે કામ લઇ કાળીપરજના લોકોને કાયદાનુ સપૂર્ણ રક્ષણ આપી કાળીપરજ પ્રત્યે કેવળ ઔપચારિક કાગળપરની સહાનુભુતિને બદલે, સક્રિય સહાનુભુતિપૂર્વકના પ્રયત્નો અધિકારી વર્ગે આદરવા જોઇએ અને વડોદરા રાજ્યના તત્રીઓ કાળીપરજમા ઉત્પન્ન થયેલી જાગૃતિ ટકાવી રાખવા માટે કેવા પ્રકારનુ ધોરણ હવે પછી અખત્યાર કરનાર છે તે સ્પષ્ટપણે જાહેર કરવુ જોઇએ અને છેલ્લા બે ત્રણ મહિનામા પ્રસિદ્ધ કરેલા જાહેરનામાથી અને હુકમોથી જે ગેરસમજ ઉત્પન્ન થવા લાગી છે તે પણ દુર કરવી જોઇએ

ઉપરના અહેવાલ ઉપરથી જણાઇ આવશે કે, કાળીપરજની આવી દુર્દશા થવાના કારણોમા મદ્યપાન એ મુખ્ય કારણ છે, તેથી જો કાળીપરજના પ્રદેશમાના દારૂતાડીના પીઠા સરકાર તરફથી ઉઠાવી લેવામા આવે તોજ હાલની એ લોકોની જાગૃતિ ટકી રહેશે અને રફતે રફતે એ કોમ સાધન સપન્ન થતા એ પ્રદેશને આબાદ બનાવી સરકારને મદ્યપાન પ્રતિબધનથી જનાર ખોટ અન્ય રીતે ભરી આપવા સમર્થ બનશે એ સ્તુત્ય અને ઇષ્ટ પગલુ ભરતા વડોદરા રાજ્યને તુર્તમા આવકમા ખોટ જશે એ દેખીતુ છે પરતુ એ પણ ભુલવુ

ન જોઇએ કે મદ્યપાનના વ્યસનમાથી મુકત થયેલ કાળીપરજના લોકો હેવાન મટી માણુસ બનશે એટલે સ્વાશ્રયી અને ઉદ્યોગી બનશે

મદ્યપાન પ્રતિબધન વિરૂદ્ધ ઘણી દલીલો કરવામા આવે છે તે પૈકી મુખ્ય દલીલ એવી છે કે દારૂનુ વેચાણ બધ કરવામા આવે તો દારૂડીઆ લોકો ચોરીથી દારૂ ગાળી પીતા થશે ચાલુ જાપ્તા છતા એવા ગુન્હાઓ આજદિન સુધી બનતા આવ્યા છે જો કદાચ દારૂતાડીનુ વેચાણ બધ કર્યાની શરૂઆતમા એવા ગુન્હાનુ પ્રમાણ વધી પડે તો કાયદાનો અમલ પૂર્ણ સખ્તાઇથી કરવામા આવતા એ બદી કાળીપરજ જેવી ગરીબ પ્રજામાથી સહેલાઇથી નાબુદ કરી શકાશે કારણ સોનધડ તાલુકાના ગામ ખાજર સીંગપૂર અને ડોસવાડાના કાળીપરજ લોકો પૈકી જે લોકોએ મદ્યપાન છોડયુ છે તે લોકોએ ગેર કાયદે દારૂ ગાળનારાઓને આબકારી ઇન્સ્પેકટરને ખબર આપી તેમને પકડાવી આપવામા મદદ કરી છે એટલે ઉપર બતાવેલી બીક પણ અસ્થાને છે

આ રાજ્યની હદમા દારૂતાડીનુ વેચાણ બધ કરવામા આવશે તો આ હદના લોકો પરહદમા જઇ દારૂતાડી પીશે અને તેથી આ રાજ્યની ઉપજને નુકશાન થશે હાલમા દારૂતાડીનો ખપ વધી પડવાનું કારણ એ છે કે દારૂતાડીના પીઠાઓની સખ્યા જરૂરીયાત ઉપરાત વધી પડી છે તેથી દારૂતાડી હરતા ફરતા અને ઠેર ઠેર મળતી થવાથી તે પીવાને લોકો લલચાય છે. તે સબબથી જો દારૂતાડીનું વેચાણ બધ કરવાથી દારૂતાડી પીવા ખાતરજ દૂરવેર જતા

લોકો ફટાળશે અને જો એ લાભ કોઇ લઇ શકે તો તે સરહદપરની દુકાનોની નજદીક વસતા જુજ લોકોજ લઇ શકશે.

દારૂતાડીનુ મિતપાન હોય તો નુકસાનકારક નથી તેથી તે દવાનુ કામ સારે છે અને તેથી જો દારૂતાડીનુ વેચાણ બંધ કરવામા આવે તો મિતપાન કરનારા લોકો અગવડમા મુકાશે અને તેથી પાન સ્વાતંત્ર્ય ઉપર અંકુશ મુકવો એ અઘટિત લેખાશે દારૂતાડીનુ મિતપાન કરનારાઓની સંખ્યા દારૂડીયાઓની સંખ્યા સાથે સરખાવતા તે ઘણી જુજ હોવાનુ જણાઇ આવશે તેથી એક નાની સંખ્યાના લાભની ખાતર મોટી સંખ્યાને અન્યાય કરી દારૂતાડીના વ્યસનમા સબડવા દેવા એ માણુસાઇનુ લક્ષણ કહેવાશે નહિ.

દારૂતાડીનુ મિતપાન દવાની ગરજ સારે છે, એ માન્યતા પણ ભૂલ ભરેલી છે, એમ ઘણા વિદ્વાન ડોકટરોનો અભિપ્રાય છે એટલે મિતપાનના લાભો શંકાસ્પદ હોવાથી એ દલીલ રદ થાય છે તે સબબથી મિતપાન કરનારાઓના લાભરે ખાતર પાનસ્વતંત્ર્યના ઓઠા એઠલ મોટા ભાગને નુકસાનકારક દારૂ તાડીનુ વેચાણ અને બનાવટ બંધ કરવા સામે વિરોધ કરવો એ દારૂ તાડીના પ્રતીબંધથી જે મોટા વર્ગને લાભ થાય એમ છે તે વર્ગને કેવળ અન્યાય કર્યા જેવુ લેખાશે, મિતપાન કરનારા લોકો સુશિક્ષિત હોવાના સબબે મદ્યપાન પ્રતિબંધથી તેઓને જો કદાચ અગવડ વેઠવી પડે તો તેઓએ પ્રતિબંધ મોટા જનસમુહનુ ભલુ કરવા ખાતર જો ઘણી ઉદારતાથી અને આનંદથી ખમી લેશે, તો એ ભોગ મિતપાન કરનારાઓને

શોભા રૂપ થઇ પડશે કારણ હાલના સંજોગોમાં મદ્યપાન પ્રતિબંધ દેશોન્નતિના કાર્યમાં એક આવશ્યક સાધન તરીકે લેખાય છે તેથી જો મિતપાન કરનારા લોકો એ મનથી માની લીધેલી અગવડ વેઠવા તૈયાર થાય તો તેઓ એક પવિત્ર દેશ કાર્યને મદદ કર્યાનું શ્રેય સંપાદન કરશે

હવે પાન સ્વાતન્ત્ર્યની દલીલ લોકો આગળ મુકવી એ આજના સુધરેલા જમાનાની એક હાથ ચાલાકી છે કેટલાક લોકોની માન્યતા મુજબના ભૂજ અને નજીવા અપવાદો બાદ કરતા દારૂ તાડીના વ્યસને ફાયદો કરવાને બદલે દુનીયાને મોટું નુકશાન કર્યું છે અને એ સબબે એ વ્યસન પ્રત્યે લોકોને ભારે તિરસ્કાર ઉત્પન્ન થયો છે, અને એ વાત એ વ્યસન વિરૂદ્ધ ઠેરઠેર જે ચળવળ ચાલુ થઇ છે તે ઉપરથી જણાઈ આવે છે એટલે પાનસ્વાતન્ત્ર્યના બહાના એઠળ એ બદી ચાલુ રાખવાની તરફદારી કરવામાં આવે છે એ ચોરીના ગુન્હા અટકાવવા ખાતર પોલીસ લોકો મહેનત કરે છે તેથી ચોરોના સ્વાતન્ત્ર્યતા ઉપર અંકુશ મુકાય છે તે માટે ચોરો તરફથી ફરીયાદ કરવામાં આવતા પાન સ્વાતન્ત્ર્યતાના ન્યાયે ચોરોને પણ ચૌર્યસ્વાતન્ત્ર્યનો લાભ મળવો જોઇએ માટે મદ્યપાન પ્રતિબંધ વિરૂદ્ધ તર્ક કુતર્કો કરી દલીલો કરવી નિરર્થક છે કાળીપરજની સુધારણા એ લોકોમાંથી દારૂતાડીના વ્યસનનું નિકંદન કર્યાવિના થઇ શકે એમ નથી એ નિર્વિવાદ છે તો એ ધુંટડો વડોદરા રાજ્યના તંત્રીઓએ આનાકાની વગર ગમે તે ભોગે ગળે ઉતારવા વિના ગત્યંતર નથી અને તેને ખાતર શ્રીમંત મ્હારાજા સાહેબને કાળીપરજના ભલાને

ખાતર દારૂ તાડી વેચવાનુ યા બનાવવાનુ કાયદાથી બધ કરવા સખ્ત સલાહ આપવી જોઇએ અને હાલના ફરમાનના પરિણામે જે પીઠા હાલ બધ થયા છે, તે કાયમને માટે બધ કરવા અને તેમ કરતા લાયસન્સની મુદત માટેની જોખમદારીમાથી પીઠાવાળાઓને મુકત કરવા જોઇએ

કેટલાક અવિચારી પારસી પીઠાવાળાઓ તરફથી કાળીપરજના લોકો એ દારૂ તાડી પીવાનુ બધ કરવાથી તે પીવા માટે, અને ઓછી મજુરીએ કામે જવા માટે થતુ દબાણ અને અનેક અન્ય ત્રાસોને લીધે કાળીપરજના લોકો વચ્ચે સમાધાની કરવાના ઇરાદાએ અત્રેના મે સુમા સાહેબે કાળીપરજના લોકોને મહુવા મુકામે બોલાવી પારસી ભાઇઓ કાળીપરજના લોકોને દારૂ તાડી પીવા માટે આગ્રહ ન કરવાની અને બીજા લોકો જે પ્રમાણે મજુરી આપે છે તે પ્રમાણે પૂરી મજુરી આપવાની કબુલત આપે તો કાળીપરજના લોકોએ પારસીઓને ત્યા કામે જવાની કબુલત તેમની પાસે લખાવી લીધાનુ સાભળાય છે સમાધાની કરવા માટે મે સુમા સાહેબને ધન્યવાદ આપવો ઘટે છે પણ એટલુ તો કહેવુ જ જોઇએ કે એઓ સાહેબે આ પ્રકારની કાળીપરજના લોકો પાસેથી કબુલત લખાવી લેવામા ઉતાવળ કરી છે અને એ સાહેબે એ પ્રકરણનો લાબો વિચાર કર્યો હોય એમ જણાતુ નથી તેથી આ ઉતાવળુ પગલુ મે સુમા સાહેબની કાળીપરજ પ્રત્યેની સહાનુભુતિ સાથે મળ બેસતુ હોય એમ દેખાતુ નથી વળી એ કબુલત લખાવી લેવામા મે સુમા સાહેબ જે રીત અખત્યાર કરી છે તે લોકોના નસીબમા અત્રેના એ સાહેબ કાળી

પરજ પ્રત્યે જે લાગણી બતાવી રહ્યા છે તેને માટે પણ લોકો શંકાશીલ બને એ પણ સંભવિત છે એવી રીતે ઉતાવળે લખાવી લીધેલા કબુલતથી કરવા ધારેલી સમાધાની કાયમને માટે ટકી રહે એમ નથી એ ઉપરાંત બીજા અનેક કારણોને લીધે કાળીપરજના લોકોનો ઝઘડો કેવળ પારસી લોકો સાથેજ છે એમ નથી પણ અન્ય ઉજળીયાત વર્ગના સાહુકારો સાથે પણ છે ત્રણ વર્ષ થયા એ લોકો ઉજળીયાત વર્ગના જુલમમાંથી છુટી જવા માટેનો વિચાર કરી રહ્યા હતા પણ એકાને અભાવે બેસી રહ્યા પણ ચાલુ સાલે દેવીના ફરમાનના પ્રતાપે શુદ્ધ થઈ, જાગૃત થયા એટલે કાળીપરજના લોકો પોતાની દુ:ખી હાલતના કારણો ખોળી રહ્યા અને તે જણાતા તે દુર કરી પોતાની ઉન્નતિ માટેના પ્રયત્નો કરવા મક્કમપણે મંડી રહ્યા છે

ઉજળીયાત વર્ગ અને કાળીપરજ વચ્ચે કાયમની સમાધાની કરવી હોય તો કબુલતમા દર્શાવેલી બાબતો પુરતોજ વિચાર કરી ચાલે એમ નથી તે સાથે કાળીપરજના લોકો ઉજળીયાત લોકો સાથે જે લેવડ દેવડ કરી હોય, તેની બારીકાઈથી તપાસ થવી જોઈએ, હનુમાનજીના પુછડાની માફક કાળીપરજના માથે ઉજળીયાત વર્ગની વધતા જતા કરજનો અંત, વ્યાજના દરનો કાયદાથી નિયમ કરી આણવો જોઈએ એ લેવડ દેવડના અંગે ગીરોથી યા વેચાણથી કાળીપરજના લોકોની જે જમીનો ઉજળીયાત વર્ગે સંપાદન કરી હશે તે બાબત યોગ્ય તપાસ થવી જોઈએ એ વ્યવહારમા જો કોઈ ગેરનીતી અથવા કાયદાનુ ઉલ્લંઘન થયાનુ જણાય તો તેનો લાભ કાળીપરજના લોકોને આપવો જોઈએ કાળીપરજના લોકો પોતાની

ખેતીની જમીનમા ઝુપડા બાધી વસે છે આ જમીન વેચાણથી સાહુ-
કારના કબજામા ગઇ હોય છે અને તેથી સાહુકારની સાથે તકરાર
થાય ત્યારે એ જમીનમાથી એને ઝુપડા ઉઠાવી જવા પડે છે અને
ઝુપડાવાળી જમીન ખેડુતના માલીકીની હોય અને આસપાસ ઉજળી
વાતની જમીન આવેલી હોય તો તેની સાથે તકરાર થતા, કાળીપરજ
ખેડુતને બહાર નીકળતા, તેમજ એના ઢોરને નદીએ પાણી પીવા
અને જગલમા ચરવા જતા અટકાવ કરવામા આવે છે એવી રીતે
સપડાયલા ખેડુત પાસેથી જબરદસ્તીને લીધે ઉજળીવાતને ત્યા કામે જવુ
પડે છે વેઠ કરવી પડે છે નહિ જાય તો માર ખાવો પડે છે
પોતાની ખેતી રવડતી મુકવી પડે છે હદ બહારનુ ગણોત આપવુ
પડે છે તે સબબથી એવી રીતે હેરાન થયલા કાળીપરજના લોકોને
સરકારે કાયદેસર દાદ માગવા સમજ આપવાથી એ લોકોને દાદ,
મળી શકે એમ નથી અને એટલેથી મામલો સુધરે એમ પણ નથી
માટે કાળીપરજ ઉપર જે જે જુલમો ગુજારવામા આવે છે તે બાબત
તપાસ કરવા પ્રજા અને અધિકારી વર્ગનુ મિશ્ર કમીશન નીમી તેના
નિર્ણય પ્રમાણે ન્યાય અપાય તોજ કાળીપરજના લોકોનુ દળદર ફીટે
એમ છે અને કાળીપરજ અને ઉજળીયાત લોકો વચ્ચે કાયમની
સમાધાની થઇ શકે

કાળીપરજમા શિક્ષણનો પ્રચાર વધુ ઝડપથી થાય તે માટે
સવડ પડતા સ્થળે વધુ વસ્તીગૃહો સાથની શાળાઓ ઉઘાડવાની જરૂર
છે શિક્ષકો ઉપદેશનુ કામ સારી રીતે કરી શકે તેથી શાળા ખાતામા
કાળીપરજ પૈકી ભણેલા લોકો શિક્ષક તરીકે કામ કરતા હશે,

તેમને કાળીપરજની સંસારિક, ધાર્મિક અને આર્થીક ઉન્નતિના કામમા છૂટથી ભાગ લેવા પરવાનગી આપવી જોઇએ. રાની મહાલમા મલેરીયા જેવા ઝેરી તાવે કયમનુ ઘર કર્યું છે અને તે સબબે એ મહાલોમા વસતા તમામ લોકો, મલેરીયા તાવમા બરાબર ઉપચાર થતો નહીં હોવાથી, એ તાવ આવી ગયા પછી પ્રાપ્ત થયેલી નબ-ળાઇને લીધે બીજી અનેક બીમારીમા સપડતા રહે છે અને તેથી એ પ્રદેશમા મરણ પ્રમાણ વધેલુ હોવાથી વસ્તી ઘટતી રહી છે રાની મહાલોમા વસતા લોકોમા કાયમની ઘર કરીને રેલી બીમારીને સબબે એ પ્રદેશની ખેતી અને વેપાર રોજગારને મોટુ નુકશાન થયુ છે અને તેના પરિણામે એ પ્રદેશ બરબાદ થતો જાય છે માટે એ બરબાદી અટકાવવા સારૂ મલેરીયા તાવને એ પ્રદેશમાથી નિર્મુળ કરવા માટે એ રાની મહાલોની સેનેટરી સરવે કરાવી વરસાદનુ પાણી ખાબોચીયામાં ભરાઇ ન રહે અને તે સહેલાઇથી વહી જાય તે માટે તજવીજ કરવી જોઇએ જ્યા એ પ્રમાણે શકય ન હોય ત્યા ભરાઇ રહેલા પાણીમા માછલા ઉધારવાની અથવા તો ગ્યાસતેલ અગર મુડઓઇલનો છટકાવ કરવાથી મચ્છરનો ઉપદ્રવ કમી થતા મલેરીયા તાવને એ પ્રદેશમાથી નષ્ટ કરી શકાશે અને તેથી એ દિશામા સરકારે તાકીદે વ્યાપતા ઇનાજો લેવાના જરૂર છે

દુઝણી ગાયને ઘાસ ચારા ઉપરાંત પૌષ્ટિક ખોરાક આપવામા આવે તોજ તે ગાય સારૂ અને વધુ દુધ આપી શકે છે. પણ જો તેમ કરવામા ન આવે તો ગાય કસ વગરનુ અને ઓછુ દુધ આપે છે તેમ છતા ગાય પાસેથી વધુ દુધ લેવાય તો ગાય નબળી પડી

જાય છે અને મરણ પામે છે એટલે આના અવિચારી વર્તનથી ગાય મરણ પામતા દુધ મળતુ અટકે છે આપણે ઉજળીયાત વર્ગે આ દાખલાથી ચેતવુ જોઇએ કારણ આપણા લોભી અને સ્વાર્થી વ્યવહારથી કાળીપરજના લોકોને આપણે ચુસી લીધા છે તેથી કાળીપરજના લોકો આપણુ કામ પુરૂ પાધરૂ કરી શકતા નથી આપણી પાસેથી લીધેલુ કરજ પતાવી શકાતા નથી અને તેમાંથી છટકવા માટે નાસભાગ કરે છે એટલે આપણે કાળીપરજના લોકોને આળસુ દગાખોર અને લુચ્ચા બન્યા છે એમ આપણે કહીએ છીએ અને જો કાળીપરજના લોકો એવી રીતે ખરેખર આળસુ લુચ્ચા ને દગાખોર નીવડયા હોય, તો તેની નામોશી આપણુ ઉજળીયાત વર્ગને શીર છે કાળીપરજનો મોટો ભાગ ખેડુત તરીકે જીવે છે કાળીપરજના લોકો પાસેથી નજીવી મજુરીના બદલામા હદપાર મહેનત આપણે કરાવતા આવ્યા છીએ અને તેથી તેનુ પાપ પણ આપણા માથે છે કાળીપરજના લોકોમા જરાપણ દમ રહ્યા નથી તેને માટે આપણે ઉજળીયાત વર્ગજ જવાબદાર છીએ

આ પ્રમાણે જયારે આપણે ઉજળીયાત વર્ગે કાળીપરજનુ સર્વસ્વ લુટી લઇ તે લોકોને નિરાધાર અને કંગાલ સ્થિતિમા આણી મુકયા છે પ્રાણી માત્રને પરમેશ્વરે સરજયા છે તેણેજ બનાવેલા આપણી કાળીપરજના ભાઇઓને રીબાવી તેમની મહેનતનો વ્યાજબી બદલો તેમને ન આપતા તે આપણે ઉજળીયાત વર્ગે કાવાદાવા કરી તેમની પાસેથી ખુચવી લઇ તે ઉપર એશઆરામ ભોગવી રહ્યા છીએ એ કૃત્ય પુણ્યનુ ગણાય કે પાપનુ ગણાય તેનો વિચાર આપણે આપણા મન સાથેજ કરવાનો છે એનો બદલો પરમેશ્વર તરફથી આપણને

મળતોજ રહ્યો છે તે જાણ્યા છતા આપણે તે તરફ આખ મિચામણા કરી રહ્યા છીએ અને કાળીપરજને ચુસવાનુ કામ આપણે ધમધોકાર ચલાવી રહ્યા છીએ તે સમએ કાળીપરજની ઘોર ખણવા સાથે આપણે ઉજળીયાત વર્ગ પણ આપણી ઘોર આપણે હાથેજ ખોદી રહ્યા છીએ એના પ્રત્યક્ષ પુરાવા માટે સોનગઢ કસ્બાની ૫૦ યા ૨૫ વર્ષ અગાઉની સ્થિતિ સાથે હાલની સ્થિતિ સરખાવશો તો મારા કહેવાનો ભાવાર્થથી તમારી આખો ખુલી જશે સોનગઢ કસ્બાની અને તાલુકાની જે આબાદી ૫૦ વર્ષ પર હતી તે આબાદી આજે નથી અને જે આબાદી ૨૫ વર્ષ ઉપર હતી તે આજે નથી માટે ઉજળીયાત ભાઇઓ ચેતો અને દિલમા પરમેશ્વરનો ડર રાખી પોતાની નિષ્ઠા સુધારો અને કાળીપરજના લોકો સાથે પ્રેમ, ન્યાય અને રીતિથી વર્તી કાળીપરજને ઉન્નત દશાએ લાવવા ખાતર જરૂરીયાત ભોગ આપી તનતોડ મહેનત કરશો તોજ એકે વગન ભલુ થશે નહી તો કાળીપરજની ખરાબ દીનુ જે ઘોર પાપ આપણા ઉજળીયાત વર્ગને માથે ચોટી રહ્યુ છે તેના ફળ તો આપણે ઉજળીયાત વર્ગને કાળીપરજ સાથેજ નાબુદ થવાનો વખત આવી લાગ્યો છે

પારસીભાઇઓને એ ઉપરાત વધુ શુ કહેવાનુ હોય ? એ ભાઇઓ ભણેલા ગણેલા સમજુ ઉદાર અત કરણવાળા હોઇ સમયને તેને અનુકુળ ફેરફાર પોતના વર્તનમા કરનારા છે, એવી ખ્યાતી પારસીભાઇઓએ હિંદુસ્તાનમા પોતાના ૧૨૦૦ વર્ષના લાબા વસવાટ દરમ્યાન મેળવી છે પારસીભાઇઓનો સુદ્રઢ ઐક્ય જેવો દેશ તેવો વેષ હોવાનો પ્રસીદ્ધ છે પવનની વીરૂદ્ધ દીશામા ચાલવુ ઘણુ મુશ્કેલ થઇ પડે છે માટે ચાલુ લોકમતની દીશામા જવાનુ ધોરણ પસંદ

ભાઇઓ સ્વીકારશે અને હાલમા રાની મહાલમા વસ્તી કાળીપરજમા જે જાગૃતી થવા પામી છે તે તરફ સહાનુભુતિ રાખી તેને ટકાવી રાખવા ખાતર ઉદારતથી ઘટતો ભોગ આપી કાળીપરજને ઉત્તેજન આપશે તો પારસીભાઇઓએ અત્યાર સુધી જે નામના અને પ્રતિષ્ઠા મેળવી છે તેમા વધારે થશે

કાળીપરજના ભાઇઓએ અત્યાર સુધી ઘણુ ખમ્યુ છે અને એ દુખમાથી જેમ બને તેમ જલદીથી મુક્ત થવા એ ભાઇઓ આકળા બન્યા હોય તો તે સ્વાભાવિક છે અને તેથી એ ભાઈઓને એટલુજ કહેવુ છે કે તમારા દુખની કહાણી સાભળી હિદુ પારસી અને મુસલમાન ભાઇઓ તમારા તરફ દિલસોજી ધરવતા થયા છે

તેથી જો તમો ગઈ ગુજરી વિસરી બીજી કોમો પ્રત્યેવેરની લાગણી ન રાખતા અહિંસાનત પાળી કેવળ પ્રેમથી વર્તશો અને જો તમો ભાઇઓ સપીને રહી ધીરજ રાખી પોતાની ઉન્નતિનુ કામ મક્કમપણે ચાલુ રાખશો તો તમો આખા દેશની સહાનુભુતિ અને મદદ મેળવવા ભાગ્યશાળી થશો

નવસારી મુકામે ગઇ તા ૨૬ મી એપ્રીલ સને ૧૯૨૩ ને દિવસે સાજના ૫ વાગે રા ગુનાબભાઇ ઝવેરીના મકાને કાળીપરજ તરફ સહાનુભુતિ ધરાવતા કેટલાક ગૃહસ્થો તરફથી કાળીપરજ તરીકે ઓળખાતી સર્વે કોમોને મદ્યપાન અને માસાહાર જેવા દુર્વ્યસનોથી બચાવી એ કોમોનુ સામાજીક, ધાર્મિક અને આર્થિક જીવન સુધારવા માટે યોગ્ય પગલા ભરવા, ઉજળીયાત વર્ગ તરફથી એ કોમો ઉપર ગુજારવામા આવતા જુલમો બને ત્યા સુધી સમજાવટથી અથવા તો કાયદેસર દદ મેળવી દુર કરવા અને કાળીપરજના જે લોકોએ

મધપાન અને માસાહારનો ત્યાગ કર્યો છે તેમને વારવાર ઉપદેશ કરી એ પ્રવૃતિમા ટકાવી રાખવાના ઉદ્દેશથી નવસારી પ્રાન્ત કાળી પરજ સકટ નિવારક મડળની સ્થાપના કરવા માટે સર્વંટ ઓફ ઇન્ડીયા સોસાયટીના સેવક અને દાહોદ ભીલ મડળના સ્થાપક રા. અમૃતલાલ વી ઠક્કરના પ્રમુખપણા હેઠળ એક સભા બોલાવવામા આવી હતી તેમા ઉપર દર્શાવેલ ઉદ્દેશ અને નામવાળુ મડળ સ્થાપવાનો ઠરાવ કરવામા આવ્યો છે. એ મડળના પ્રમુખ તરીકે આ રાજ્યના સેનીટરી કમીશનરનો હેદ્દો ભોગવી આ રાજ્યની નોકરી દરમ્યાન કટ્ટર સમાજ સેવક તરીકે પ્રસિદ્ધિ મેળવેલા અને કેવળ સમાજ સેવામાજ પોતાની બાકીની જીદગી ગુજારવા ખાતરજ હાલમાં આ રાજ્યની નોકરીમાથી ફારગ થયેલા ડા૦ સુમત બી મહેતાને પસદ કરવામા આવ્યા છે એ મડળ ડા૦ સુમતની આગેવાની હેઠળ કાળી પરજની સેવા સારીરીતે બજાવશે એવી દરેક આશા રાખવામા આવે છે મડળે જે કામ હાથ ધર્યું છે તે ઘણુ વિકટ અને જોખમ ભરેલુ છે તેથી એ કાર્યમા સ્વયસેવકોની અને પૈસાની ઘણી જરૂર પડશે તો આ અહેવાલ વાચી જે સહૃદય અને સુખી ગૃહસ્થોનુ દીલ પિગળ્યા હોય તેમણે આ મડળમા સ્વયસેવક તરીકે દાખલ થવુ અથવા તેમ ન બને તો પઇસા આપી મડળને યથા શકિત મદદ કરવા ચુકવુ નહિ. અને તેમ કરી કાળીપરજને સદાને માટે ગુલામીમાથી મુક્ત કરી તેમને ઉન્નત દશાએ પોહોચાડવાનુ શ્રેય સપાદન કરશો એવી આશા છે